# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૧ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | શંખેશ્વર, ગુજરાત | શ્વેત પાષાણના, સપ્તફણા યુક્ત પદ્માસનસ્થ, ૭૧ ઈંચના પ્રતિમા | ગત ચોવિસીમા અષાઢી શ્રાવકે ભરાવેલ, લાખો વર્ષો સુધી દેવલોકમા પૂજાયેલ, બારમી સદીમાં શ્રી સજ્જન શેઠ હસ્તે જિર્ણોધ્ધાર, સાંપ્રતકાળનું જિનાલય ૩૦૦ વર્ષ પ્રાચીન છે. |
| ૨ | શ્રી જિરાઉલા (જિરાવલા) પાર્શ્વનાથ | ગામ જિરાઉલા, રાજસ્થાન | વેળુ નિમિત, શ્વેત પાષાણના, સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૧ ઈંચના પ્રતિમા | વિ સ ૩૨૬ મા કોડીનગરના અમરાશા શેઠના હસ્તે પ્રતિષ્ટા, ઘણા આક્રમણો થયેલ, ઘણાં જિર્ણોધ્ધાર |
| ૩ | શ્રી કેસરીયાજી પાર્શ્વનાથ | ગામ ભદ્રાવતી, મહારાષ્ટ્ર | શ્યામ પાષાણના પ્રતિમા, સપ્તફણા, અર્ધપદ્માસનસ્થ, ૫૧ ઈંચના પ્રતિમા | સ્વપ્ન સંકેતથી ખંડેર મંદિરમાથી પ્રાપ્ત થયેલ, અધે પ્રતિમા જમીનમાં દટાયેલ,નામ પડ્યુ કેસરિયાજી |
| ૪ | શ્રી સ્તંભન પાર્શ્વનાથ | ગામ ખંભાત, ગુજરાત | નીલમ રંગની પાષાણી - પાંચ ફણાધારી -પદ્માસનસ્થ ૯ ઈંચની પ્રતિમા | લાખો વર્ષ પ્રાચીન - અષાઢી શ્રાવક નિમીત - નવાંગી ટીકાકાર આ શ્રી અભયદેવસૂરી હસ્તે પ્રતિષ્ટિત (ખંભાત -ઉદયન શેઠની જન્મભૂમિ, ક કા સર્વજ્ઞની દીક્ષાભૂમિ) |
| ૫ | શ્રી મનમોહન પાર્શ્વનાથ | ગામ કબોઇ, જી-મહેસાણા, ગુજરાત | શ્વેત પાષાણના, સપ્તફણા, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિ રાજાના સમયની (નવમી સદીની) પ્રતિમા |
| ૬ | શ્રી જોટીંગડા પાર્શ્વનાથ | ગામ મુજપુર, જી-મહેસાણા, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૨૮ ઈંચના પ્રતિમા | બીજુ નામ મુજપુરા પાર્શ્વનાથ, ૫૦૦ વર્ષ જુના પ્રતિમા, જેનો જોટો ન મળે તે જોટીંગડા |
| ૭ | શ્રી શંખલા પાર્શ્વનાથ | ગામ શંખલપુર, જી-મહેસાણા, ગુજરાત | શ્યામ પાષાણના, સપ્તફણા, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | ગામનુ બીજુ નામ સલખણપુર, સંપ્રતિકાલીન પ્રતિમાજી, ૬૦૦ વર્ષ પૂર્વે માંડવગઢના મંત્રી શેઠ શ્રી પેથડશાએ બંધાવેલ જિનાલય, સાંપ્રતકાળનું જિનાલય ૧૫૫ વર્ષ પ્રાચીન |
| ૮ | શ્રી ગંભીરા પાર્શ્વનાથ, જી-મહેસાણા, ગુજરાત | ગામ ગાંભુ, જી-મહેસાણા, ગુજરાત | શ્વેત પાષાણના ફણારહિત, પદ્માસનસ્થ, ૨૫ ઈંચના પ્રતિમા | સંપ્રતિકાલીન પ્રતિમાજી, અત્યારનુ જિનાલય ૨૦૦ વર્ષ પ્રાચીન - ગાંભુ એક સમયનું જૈનધર્મનું કેંદ્ર સ્થાન |
| ૯ | શ્રી ગાડલીયા પાર્શ્વનાથ | માંડલગામ (વીરમગામ), ગુજરાત | શ્વેત પાષાણના, સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૦ ઈંચના પ્રતિમાજી | કલાત્મક ગાડાના આકારનુ પબાસણ (પરિકર), સંપ્રતિકાલીન પ્રતિમા, અત્યારનું જિનાલય ૧૮૬ વર્ષ પ્રાચીન, વસ્તુપાલ-તેજપાલની જન્મભૂમિ |

# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૧૦ | શ્રી કલિકુંડ પાર્શ્વનાથ | ગામ ધવલપુર (ધોળકા), ગુજરાત | શ્વેત પાષાણના નવફણાધારી, પદ્માસનસ્થ, ૩૫ ઈંચના પ્રતિમા | ધવલપુર પ્રાચીન નગર, પાંડવોનુ આશ્રય સ્થાન, ૨૨૦૦ પ્રાચીન પ્રતિમા, ઘણાં શ્રેષ્ટિઓની કર્મભૂમિ અને આચાર્યોની સાધનાભૂમિ |
| ૧૧ | શ્રી શામળા પાર્શ્વનાથ | અમદાવાદ - શામળાજીની પોળ | શ્યામ પાષાણના સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૪ ઈંચના પ્રતિમા | મંત્રીશ્રી વસ્તુપાલના વંશજોએ બંધાવેલ ૪૦૦ વર્ષ પ્રાચીન જિનાલય, પ્રાચીન પ્રતિમા, અતિ મનોહર લાકડાનું કામ |
| ૧૨ | શ્રી મૂલેવા પાર્શ્વનાથ | અમદાવાદ - પાંજરાપોળ | શ્વેત પાષાણના ફણારહિત, પદ્માસનસ્થ, ૨૮ ઈંચના પ્રતિમા | લગભગ ૩૦૦ વર્ષ પહેલાનુ હરીપુરા (ત્યારનુ ઇદલપુર) વિસ્તારનું જિનાલય.અત્યારે પ્રતિમાજી પાંજરાપોળમાં સ્થાપીત કરાયા છે. |
| ૧૩ | શ્રી હ્રીંકાર પાર્શ્વનાથ | કાળુપુર, અમદાવાદ | શ્યામ પાષાણના સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૦ ઈંચના પ્રતિમા | પરિકરની આકૃતિ ‘હ્રીં‘ શબ્દાક્ષર જેવી છે. |
| ૧૪ | શ્રી સુખસાગર પાર્શ્વનાથ | દોશીવાડાની પોળ, અમદાવાદ | સુંદર પરિકર યુક્ત, નવફણાધારી, પદ્માસનસ્થ, પંચધાતુના ૧૯ ઈંચના પ્રતિમા | ૫૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમા |
| ૧૫ | શ્રી મુહરી પાર્શ્વનાથ | ટીંટોઇ ગામ, સાબરકાંઠા, ગુજરાત | શ્વેત પાષાણના સપ્તફણાધારી, પદ્માસનસ્થ ૩૩ ઈંચના પ્રતિમા | ગુરુ ગૌતમસ્વામી રચિત - શ્રી જગચિંતામણી .. - ચૈત્યવંદનમા આ તીર્થની સ્તવના છે. બે દંતકથાઓ.મુહરી ગામમાંથી પ્રાપ્ત થયેલ પ્રતિમા અને દર્શન કરવા માટે ભાવિકો પાસેથી એક મહોરનો કર લેવાતો. |
| ૧૬ | શ્રી પોશીના પાર્શ્વનાથ | ગામ નાના પોશીના, સાબરકાંઠા, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ ૩૧ ઈંચની પ્રતિમા | કથેરના વૃક્ષ નીચેથી ખોદકામ કરતા ખેડૂતને પ્રાપ્ત થયેલ સંપ્રતિ રાજાના સમયની પ્રતિમા, ૫૦૦ વર્ષ પ્રાચીન તીર્થ. |
| ૧૭ | શ્રી વિઘ્નપહારી પાર્શ્વનાથ (મોટા પોશીના પાર્શ્વનાથ) | ગામ મોટા પોશીના, (જી)સાબરકાંઠા | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ ૨૭ ઈંચના પ્રતિમા | ૭૦૦ વર્ષ પહેલા ઝાડના પોલાણમાંથી પ્રાપ્ત થયેલ પ્રતિમા. વિ સં ૧૪૭૭ માં જિનાલયની પ્રતિષ્ટા સમયે ભીષણ આગ - પણ જિનાલય બચી ગયું - નામ પડયુ વિઘ્નપહાર પાર્શ્વનાથ. |
| ૧૮ | શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ | ગામ વીજાપુર, ગુજરાત | શ્વેત પાષાણના નવફણાયુક્ત, પદ્માસનસ્થ ૫૫ ઈંચના પ્રતિમા | ચૌદ પૂર્વધર શ્ર ભદ્રબાહુસ્વામી રચિત શ્રી ઉવસગ્ગહર સ્તોત્રમા તથા માંતુંગસૂરિ રચિત નમિઊણ સ્તોત્રમાં સ્ફુલિંગ તીર્થનો ઉલ્લેખ છે. |

# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૧૯ | શ્રી નાગફણા પાર્શ્વનાથ | ગામ થિહાર, જી. મહેસાણા, ગુજરાત | શ્વેત પાષાણના,સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૫ ઈંચના પ્રતિમા | ૨૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી, ૭૫ વર્ષ પ્રાચીન જિનાલય, ફણાનુ છત્ર - નામ પડ્યુ નાગફણા... |
| ૨૦ | શ્રી કલ્યાણ પાર્શ્વનાથ | વીસનગર, મહસણા, ગુજરાત | કલાત્મક પરિકર યુક્ત, શ્વેત પાષાણના, સપ્તફણા,પદ્માસનસ્થ, ૧૯ ઈંચના પ્રતિમા | ૮૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી, સાપ્રત કાળનુ જિનાલય ૨૦૦ વર્ષ પ્રાચીન |
| ૨૧ | શ્રી મનોરજન પાર્શ્વનાથ | મહસાણા, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસથ, ૨૭ ઈંચના પ્રતિમાજી | ૮૦૦ વર્ષ પૂર્વે મહસાજી ચાવડાએ વસાવેલ ગામ મહેસાણા, પુત્ર જન્મની પ્રાપ્તિના પ્રસંગની ઉજવણીમાં બંધાવેલ શ્રી મનોરંજન પાર્શ્વ જિનાલય, અત્યારનું જિનાલય ૧૪૦ વર્ષ પ્રાચીન છે. |
| ૨૨ | શ્રી સુલતાન પાર્શ્વનાથ | સિધ્ધપુર, મહસાણા, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, સંપ્રતિકાલીન, પદ્માસનસ્થ,૨૫ ઈંચના પ્રતિમાજી | ૯૦૦ વર્ષ પૂર્વે આલિગદેવે કરેલી આ તીર્થની સ્થાપના, મહમદ ગઝનીના આક્રમણો, અધિષ્ટાયક દેવ નાગરાજની કૃપાથી આ તીર્થની રક્ષા થવા પામી - નામ પડ્યું બાદશાહના પણ બાદશાહ એવા શ્રી સુલતાન પાર્શ્વનાથ |
| ૨૩ | શ્રી ડાસલા પાર્શ્વનાથ | ઘોતા સકલાણા ગામ, પાલનપુર પાસે, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૨૩ ઈંચના પ્રતિમાજી | સપ્રાતિ કાલીન પ્રતિમાજી, તીર્થ થોડુ અજ્ઞાત છે. |
| ૨૪ | શ્રી પલલવીયા પાર્શ્વનાથ | પાલનપુર, ઉ. ગુજરાત | શ્વેત પષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૧૭ ઈંચના પ્રતિમાજી | વિ.સ. ૧૦૦૦ ના ગાળામા પ્રહલાદન રાજાએ વસાવેલ પ્રહલાદનપૂર, જૈનધર્મ પ્રત્યેના દ્વેષને કારણે પંચ ધાતુના પ્રભુ પ્રતિમા પીગળાવવાનો હુકમ પણ રોગ ઉપદ્રવ ફાટી નીકળતા ગુરૂ ઉપદેશથી પ્રતિમાના ન્હવણ જળના છંટકાવ (ઉપયોગથી) રોગ શમ્યો. નુતન પ્રતિમા વિ.સં. ૧૨૭૪ માં પ્રાચીન જિનાલયમાં સ્થપાયા. |
| ૨૫ | શ્રી ભીલડીયા પાર્શ્વનાથ | ભીલડી ગામ, બનાસકાંઠા, ગુજરાત | કલાત્મક પરિકર યુક્ત, શ્યામ પાષાણના સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૧ ઈંચના પ્રતિમા | ૬૦૦ - ૭૦૦ વર્ષ પહેલાનુ પ્રાચીન નગર ભીલડીયાનુ આ પ્રાચીન તીર્થ, બાવન જિનાલય તરીકે પ્રસિધ્ધ તીર્થ |
| ૨૬ | શ્રી પચાસરા પાર્શ્વનાથ | વનરાજ ચાવડાનુ અણહિલપુર પાટણ, ગુજરાત | શ્વેત પાષાણના સપ્તફણા, પદમાસનસ્થ, ૪૫ ઈંચના પ્રતિમા | પ્રતિમાજી પચાસર ગામથી લાવેલા હતા - નામ પડ્યુ પચાસરા પાર્શ્વનાથ, ૧૩૦૦ વર્ષ પ્રાચીન તીર્થ, ઘણાં જિર્ણોધ્ધાર થયેલ, છેલ્લો ઉધ્ધાર લગભગ ૫૫ વર્ષ પહેલા થયેલ. |

# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૨૭ | શ્રી કોકા પાર્શ્વનાથ | કોકાનો પાડો, પાટણ, ગુજરાત | કલાત્મક પરિકર, બે ચક્ષુધારી સપ્તફણા નાગરાજના છત્રવાળા, શ્વેત પાષાણના, પદ્માસનસ્થ,૩૫ ઈંચના પ્રતિમાજી | વ્યાખ્યાન માટે સ્થળ ન મળતા કોકા શેઠ જગ્યા આપી જિનાલય બંધાવ્યુ, હુમલાખોરોના આક્રમણોથી પ્રાચીન જિનાલય નષ્ટ પામ્યુ, અત્યારનું જિનાલય અને પ્રતિમા ૮૦૦ વર્ષ પ્રાચીન છે |
| ૨૮ | શ્રી કંકણ પાર્શ્વનાથ | ઢઢેરવાડા, પાટણ, ગુજરાત | ભુખરા પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ ૨૭ ઈંચના પ્રતિમા | બીજુ નામ વિછીયા, કલિકુડ પાર્શ્વનાથ |
| ૨૯ | શ્રી ઘીયા પાર્શ્વનાથ | ઘીયાનો પાડો, પાટણ, ગુજરાત | શ્વેત પાષાણના, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | અખૂટ શ્રધ્ધા ધરાવતા ઘીના વેપારીએ બંધાવેલ જિનાલય, બીજુ નામ કંબોઈયા પાર્શ્વનાથ |
| ૩૦ | શ્રી ધરણેન્દ્ર પાર્શ્વનાથ | અરવલ્લીના પહાડીમાં, ધનાશાની નેળ, રાજસ્થાન | નાગના ગુચળા પર બિરાજીત પ્રતિમા | મહારાજા રાણા પ્રતાપથી પૂજાયેલ પ્રતિમા, પ્રાચીન પણ અજ્ઞાત (ઓછુ પ્રચલિત) તીર્થ. |
| ૩૧ | શ્રી પદ્માવતી પાર્શ્વનાથ | નરોડા ગામ, અમદાવાદ | શ્વેત પાષાણના, સપ્તફણા, પદ્માસનસ્થ, ૧૩ ઈંચના પ્રતિમા | જમીનમા ભંડારેલ પ્રતિમાની પ્રાપ્તિ, શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહ બનાવેલ જિનાલય |
| ૩૨ | શ્રી ધિંગડમલ્લ પાર્શ્વનાથ | પાટણના જોગીવાડાનુ જિનાલય | શ્યામ પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૩૧ ઈંચના પ્રતિમા | સંપ્રતિકાલીન પ્રતિમા, બીજુ નામ છે શ્રી શામળા પાર્શ્વનાથ |
| ૩૩ | શ્રી વાડી પાર્શ્વનાથ | ઝવેરીવાડો, પાટણ | શ્વેત પાષાણના સપ્તફણાધારી, પદ્માસનસ્થ, ૨૯ ઈંચના પ્રતિમા | પ્રાચીન સંપ્રતિકાલીન પ્રતિમા, વાડીપુરના નાશ પછી ત્યાથી લાવેલ પ્રતિમા, ૪૦૦ વર્ષ પૂર્વે શ્રી કુંવરજી શેઠે બનાવેલ જિનાલય. તે સમયનો કલાત્મક કાષ્ટ મંડપ આજે ન્યુયોર્કના મ્યુઝિયમમાં છે. |
| ૩૪ | શ્રી દૂધાધારી પાર્શ્વનાથ | નવ ડોસાનુ આ ઘર દેરાસર છે | વધારે માહિતી નથી, ચિત્ર પરથી પ્રતિમાજી ધાતુના જણાય છે | થોડા વર્ષો પૂર્વે (૪૫-૫૦ વર્ષ પૂર્વે) પ્રતિમામાંથી ધવલ સુગંધી દૂધ ઝરવાથી કુંડ ભરાઇ ગયો હતો. |
| ૩૫ | શ્રી ટાંકલા પાર્શ્વનાથ | ડંખ મહેતાનો પાડો, પાટણ | કલાત્મક પરિકર, પંચધાતુના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૧૫ ઈંચના પ્રતિમા | પ્રાચીન સમયમાં ભંડારી દીધેલ પ્રતિમા પાણીના ટાંકામાંથી પ્રાપ્ત થયા હતા. પ્રતિષ્ટા વિ. સં. ૧૩૨૫ માં થઇ હતી. |

# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૩૬ | શ્રી ભીડભંજન પાર્શ્વનાથ | પટેલ વાડો, ગામ ખેડા, ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૨૫ ઈંચના પ્રતિમા | સંપ્રતિકાલીન પ્રાચીન પ્રતિમા, સંજોગવસાત જમીનમાં ભંડારેલ પ્રતિમા આજથી ૫૦૦ વર્ષ પૂર્વે વટવૃક્ષ નીચેથી પ્રાપ્ત થયેલ. |
| ૩૭ | શ્રી વણછરા પાર્શ્વનાથ | મોઘા રોડ, ડભોઇ | શ્વેત પાષાણના ફણાયુક્ત, પદ્માસનસ્થ પ્રતિમા | ઢાઢર નદીને કાંઠે આવેલ પ્રાચીન પણ અજ્ઞાત તીર્થ |
| ૩૮ | શ્રી કંસારી પાર્શ્વનાથ | ખારવાડો, ખંભાત | શ્વેત પાષાણના ફણારહિત, પદમાસનસ્થ, ૧૩ ઈંચના પ્રતિમા | ખંભાત ગામની બહારની હદ પર આવેલ પ્રાચીન જાણીતું સ્થળ કંસારી, કાળાંતરે પરિસ્થિતી બદલાવાના કારણે આ પ્રતિમાજી ત્યાંથી લાવી ખંભાતના ખારવાડામાં પ્રતિષ્ઠિત કરાયેલ. |
| ૩૯ | શ્રી સોમ ચિંતામણી પાર્શ્વનાથ | સંઘવીની પોળ, ખંભાત | શ્વેત પાષાણના સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૨૨ ઈંચના પ્રતિમા | જિનાલય અને પ્રતિમાજી ૪૦૦ વર્ષની પ્રાચીનતા ઉલ્લેખે છે. |
| ૪૦ | શ્રી સાંવરા પાર્શ્વનાથ | બોરસદ, ગુજરાત | શ્યામ પાષાણના પ્રતિમાજી | મલેચ્છોના આક્રમણથી રક્ષા કરવા આ પ્રતિમાજી ચાંપાનેરથી બોરસદ લાવવામાં આવેલ, અત્યારનું જિનાલય ૧૮૦ વર્ષ પ્રાચીન છે. |
| ૪૧ | શ્રી વારાણસી પાર્શ્વનાથ | ભેલુપુર, વારાણસી, ઉત્તર પ્રદેશ | શ્યામ પાષાણના, પંચફણા મંડિત, પદ્માસનસ્થ, ૯ ઈંચના પ્રતિમા | પ્રાચીન સમયના ધાર્મિક કેન્દ્ર તરીકે પ્રસિધ્ધ આ વારાણસીમાં આ ચોવિશીના તીર્થંકરોના કુલ સોળ કલ્યાણકો ઉજવાયા હતા - તેમાં ચાર કલ્યાણકો શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં હતા. તેમની પ્રથમ દેશના પણ વારાણસીમાં થઈ હતી. |
| ૪૨ | શ્રી પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ | શ્રીમાળી વગો, ડભોઈ | પીત્ત પાષાણના, અર્ધ પદ્માસનસ્થ, ૩૩ ઈંચના પ્રતિમાજી | ડભોઈ એટલે પ્રાચીન નગરી દર્ભાવતી, ઓરસન નદીના કિનારેથી મળેલ પ્રભુ પ્રતિમા, મંત્રી શ્રી તેજપાલે બંધાવેલ જિનાલય, સાંપ્રત કાળનું જિનાલય ૫૪ વર્ષ પહેલાનું છે. |
| ૪૩ | શ્રી લોઢણ (વેળુ) પાર્શ્વનાથ | ડભોઈમાં | શ્યામવર્ણી, વેળુ (માટીના) નિર્મિત, સપ્તફણા મંડિત, અર્ધપદ્માસનસ્થ, ૪૧ ઈંચના પ્રતિમા | શ્યામવર્ણી, વેળુ (માટીના) નિર્મિત, સપ્તફણા મંડિત, અર્ધપદ્માસનસ્થ, ૪૧ ઈંચના પ્રતિમા ચૌદમી સદીના શ્રી સાગરદત્ત શેઠે (વ્યાપારને લગતી મુસાફરીમાં) પોતાનો પ્રભુપૂજાનો નિત્યક્રમ સચવાઇ રહે તે માટે આ પ્રતિમા વેળુ-માટીમાંથી ભરાવેલ, કાળક્રમે ખનિજ માટીના આ પ્રતિમાજી લોખંડ જેવા મજબુત થઇ જતાં નામ પડ્યુ શ્રી લોઢણ પાર્શ્વનાથ. |
| ૪૪ | શ્રી અમીઝરા પાર્શ્વનાથ - શ્રી ગંધારીયા પાર્શ્વનાથ | ગંધાર - ભરૂચ પાસે | શ્વેત પાષાણના, પદ્માસનસ્થ, ૭૦ ઈંચના પ્રતિમાજી | ગંધાર એટલે મધ્યકાલીન સમયનુ બીજા નંબરનુ સમૃધ્ધ બંદર, ૩૦૦ વર્ષ પહેલા જગદગુરુ શ્રી હીરવિજયજી મહારાજાએ ૭૦૦ સાધુ-સાધ્વી સહિત આ તીર્થ સ્થાને ત્રણ-ત્રણ ચાતુર્માસ કરેલ, આ.શ્રી વિજયરામચંદ્રસૂરિશ્વરજીની દીક્ષા અહીં થયેલ. |

# ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૪૫ | શ્રી કલ્હારા પાર્શ્વનાથ (શ્રી કલ્યાણ પાર્શ્વનાથ) | શ્રીમાળી પોળ, ભરૂચ | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૩૫ ઈંચના પ્રતિમાજી | શ્રી જગચિંતામણી ચૈત્યવંદનમાં આ તીર્થનો ઉલ્લેખ છે. આ. શ્રી હેમચંદ્રસૂરીજી મ. સા. ના હસ્તે પ્રતિષ્ટ થયેલ, કુમારપાળ રાજાની આરતિનો ઉલ્લેખ પણ આ તીર્થ સાથે સંકળાયેલ છે, મંત્રી શ્રી તેજપાળના હસ્તે જીર્ણોધ્ધાર થયેલ. |
| ૪૬ | શ્રી ચંપા પાર્શ્વનાથ | ગોલવાડ, પાટણ | શ્વેત પાષાણના સપ્તફણાધારી, પદ્માસનસ્થ, ૨૧ ઈંચના પ્રતિમાજી | સંપ્રતિકાલીન પ્રતિમાજી, રાજા કુમારપાળના સમયમાં સ્થાપિત જિનાલય, ઘણા જિર્ણોધ્ધાર થયેલ. |
| ૪૭ | શ્રી સુરજમંડન પાર્શ્વનાથ (સુરતના આભુષણ સમા) | ગોપીપુરા, સુરત | શ્વેત પાષાણના, નવફણા યુક્ત, પદ્માસનસ્થ, ૬૧ ઈંચના પ્રતિમાજી | ૪૦૦ વર્ષ પૂર્વે શ્રી ગોપીદાસ શેઠે બનાવેલ જિનાલય |
| ૪૮ | શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ | ગોપીપુરા, સુરત | શ્વેત પાષાણના સહસ્રફણાધારી, ઉભા કાયોત્સર્ગ મુદ્રામાં, ૫૮ ઈંચના પ્રતિમા | ચરણમાં ક્ષમા યાચતો મેઘમાળી, પરિકરમાં દશ ગણધરો, ૨૩૪ વર્ષ પ્રાચીન જિનાલય |
| ૪૯ | શ્રી નવસારી પાર્શ્વનાથ | મધુમતી, નવસારી | ચોવિશ તીર્થંકરો સજિત મનોહર પરિકર, ભુખરા રંગના પાષાણના, ૧૩ ઈંચના પ્રતિમા | સ્વપ્ન સંકેતથી જમીનમાંથી પ્રાપ્ત થયેલ સંપ્રતિકાલીન પ્રતિમાજી, મહામંત્રી શ્રી તેજપાલના હસ્તે પ્રતિષ્ઠિત જિનાલય |
| ૫૦ | શ્રી દોકડિયા પાર્શ્વનાથ | પ્રભાસપાટણ, સૌરાષ્ટ્ર | શ્યામ પાષાણના નવફણાધારી, પદ્માસનસ્થ, ૩૧ ઈંચના પ્રતિમા | ૧૩ મા સૈકાનુ પ્રાચીન જિનાલય, પ્રથમ પૂજા કરનાર ભાવિકને પ્રતિમાના હાથમાંથી એક દોકડો પ્રાપ્ત થતો હતો (કિંવદંતી), કાળાંતરે તે બંધ થયું, હથેળીમાં દોકડો જડેલ છે |
| ૫૧ | શ્રી ચોરાવાડી પાર્શ્વનાથ | ચોરવાડ, સૌરાષ્ટ્ર | શ્વેત પાષાણના ફણારહિત, હસમુખા ચ્હેરાવાળા, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | ૫૦૦ વર્ષ પ્રાચીન તીર્થ, ગામના નામ પરથી તીર્થનુ નામ પડ્યુ ચોરવાડ (હસમુખા) |
| ૫૨ | શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ (મંગલપૂર પાર્શ્વનાથ) | માંગરોળ, જુનાગઢ | શ્વેત પાષાણના ફણારહિત, પદ્માસનસ્થ, ૩૩ ઈંચના પ્રતિમા | ૮૦૦ વર્ષ પૂર્વેનુ, કુમારપાળ રાજાના હસ્તે સ્થાપિત જિનાલય, સંપ્રતિકાલીન પ્રતિમા, મલેચ્છોના આક્રમણથી રક્ષા કરવા પ્રતિમાજીને વલ્લભીપૂર ગામથી ખસેડતા આંગળી ખંડિત થઇ, આરાધનાના અનુષ્ઠાનથી પ્રતિમાજી નવપલ્લવિત થતાં નામ પડ્યુ નવપલ્લવા પાર્શ્વનાથ |

## ૧૦૮ પાર્શ્વનાથ વંદના

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૫૩ | શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ | ગામ ભાણવડ, સૌરાષ્ટ્ર | શ્વેત પાષાણના ફણારહિત, પદ્માસનસ્થ, ૧૮ ઈંચના પ્રતિમા | ગામનુ પ્રાચીન નામ ભાનુવડ, ૪૦૦ વર્ષ પૂર્વે ચાપશી નામના શ્રેષ્ઠિએ આ જિનાલય બંધાવી તીર્થની સ્થાપના કરેલી |
| ૫૪ | શ્રી બરેજા પાર્શ્વનાથ | ગામ બરેજા, સૌરાષ્ટ્ર | શ્યામ પાષાણના ફણારહિત, પદ્માસનસ્થ, ૩૩ ઈંચના પ્રતિમા | દરિયામા થંભી ગયેલ શ્રેષ્ઠિ સાર્થવાહના વ્હાણો, તપાસ કરતા દરિયાઇ ઉંડાણમાંથી પ્રભુ પ્રતિમાની પ્રાપ્તિ, બરેજા ગામમાં પ્રભુ પ્રતિષ્ટા, આજનું જિનાલય ૧૫૦ વર્ષ પ્રાચીન છે. |
| ૫૫ | શ્રી સપ્તફણા પાર્શ્વનાથ | ગામ ભણસાલ, સૌરાષ્ટ્ર | શ્વેત પાષાણના સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ ૨૦ ઈંચના પ્રતિમા | આજથી લગભગ ૫૩૦ લર્ષ પહેલા (વિ.સ. ૧૫૪૦ મા) બે શ્રેષ્ઠિઓએ (રાયશી અને વર્ધમાને) આ તીર્થની સ્થાપના કરાવેલ |
| ૫૬ | શ્રી ભાભા પાર્શ્વનાથ | જામનગર, સૌરાષ્ટ્ર | શ્યામ પાષાણના સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૪૭ ઈંચના પ્રતિમા | પ્રાચીન પ્રતિમા, અત્યારનુ જિનાલય ૪૦૦ વર્ષ પહેલાનુ |
| ૫૭ | શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ | (વસઈ)-કચ્છ ભદ્રેશ્વર | શ્યામ પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | મહાવીર પ્રભુના નિર્વાણ પછી ૨૩ વર્ષ (આજથી લગભગ ૨૫૧૭ વર્ષ પૂર્વે) શ્રી દેવચંદ્ર શ્રેષ્ઠિએ દેવવિમાન જેવા જિનાલયનું નિર્માણ કર્યુ, કપીલ કેવળીના હસ્તે પ્રતિષ્ટા થયેલ, ઘણા આક્રમણો થયેલા, જિર્ણોધ્ધાર પણ થયા, વિજય શેઠ - વિજયા શેઠાણી - જગડૂશા શેઠ આ ગામ ભદ્રાવતીના |
| ૫૮ | શ્રી ઘૃત કલ્લોલ પાર્શ્વનાથ | ગામ સુથરી, કચ્છ - ગુજરાત | રમણીય પરિકર સજ્જ, શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૧૩ ઈંચના પ્રતિમાજી | સપ્રતિકાલીન પ્રતિમા, દેવવિમાન જેવુ બે માળનુ જિનાલય, કચ્છ-માંડવી પંચતીર્થીનું મોટું તીર્થ, અત્યારનું જિનાલય ૧૭૦ વર્ષ પ્રાચીન, મેઘણશા શેઠ યોજિત ધાર્મિક પ્રસંગના જમણમાં ઘી ખૂટી જવાના ડરથી પ્રભુ પ્રતિમા ઘીના ઘડામાં મુકી રાખતાં પ્રસંગ પાર ઉતર્યો - નામ પડ્યુ શ્રી ઘૃત કલ્લોલ |
| ૫૯ | શ્રી ભયભજન પાર્શ્વનાથ | ગામ ભીનમાલ, રાજસ્થાન | પચ ધાતુના, પદ્માસનસ્થ, ૧૨ - ૧૩ ઈંચના પ્રતિમા | પ્રાચીન નામ - ભીલમાલ, ભડારેલ પ્રતિમાજી ૪૦૦ વર્ષ પૂર્વે પ્રાપ્ત થયેલ, જાલોરના રાજ ગઝનીના હુકમથી પ્રતિમા પીગળાવી દાગીના બનાવવાની તૈયારી - પણ દૈવી કોપથી ઉપદ્રવનું વાતાવરણ - હુકમ પછો ખેંચાયો - પ્રતિમાજી સંઘને સોંપાઇ, અત્યારનું જિનાલય ૪૦૦ વર્ષ પ્રાચીન - નામ પડ્યુ ભયભંજન |
| ૬૦ | શ્રી સકટહરણ પાર્શ્વનાથ | જેસલમેર, રાજસ્થાન | શ્યામ પષાણના, પચ ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૬ ઈંચના પ્રતિમાજી | લોદ્રવા વશના (ડાયનેસ્ટી)પતન પછી જેસલ વશની (ડાયનેસ્ટી)ઉત્પત્તિ, જેસલસિંગે ૯૦૦ વર્ષ પૂર્વે વસાવ્યું જેસલમેર, પ્રથમ પ્રતિષ્ટા ૮૦૦ વર્ષ પૂર્વે, અત્યારનું જિનાલય ૨૦૦ વર્ષ પ્રાચીન |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૬૧ | શ્રી કુંકુમ પાર્શ્વનાથ | ગામ - સુવર્ણગિરી, રાજસ્થાન | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૧૫ ઈંચના પ્રતિમા | સકલાર્હત સ્તોત્રમા - ગિરીતીર્થો પર બિરાજતા જિનેશ્વરોની સ્તવનામાં -કનકાચલ સુવર્ણગિરીનો ઉલ્લેખ છે. એક વખતનું ધનાઢ્ય નગર, પ્રતિમાજી ૧૨૦૦ વર્ષ પ્રાચીન. |
| ૬૨ | શ્રી આશાપુરણ પાર્શ્વનાથ | ગામ - નૂન, રાજસ્થાન | શ્વેત પાષાણના ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૧૭ ઈંચના પ્રતિમા | ૧૧૦૦ વર્ષો પૂર્વનુ પ્રાચીન તીર્થ, એક સમયનુ જૈનોની વસ્તીથી ઉભરાતુ નગર - આજે જૈનોની વસ્તી વગરનું ઉજ્જડ નગર |
| ૬૩ | શ્રી સિરોડીયા પાર્શ્વનાથ | ગામ-સિરોડી, રાજસ્થાન | કલાત્મક પરિકર યુક્ત, શ્વેત પાષાણના સપ્તફણાયુક્ત, પદ્માસનસ્થ, ૩૬ ઈંચના પ્રતિમા | તીર્થ સબંધી બહુ માહિતી મળતી નથી, ૫૦૦ વર્ષ પૂર્વ થયેલા જિર્ણોધ્ધારનો ઉલ્લેખ મળે છે. |
| ૬૪ | શ્રી હમીરપુરા પાર્શ્વનાથ | ગામ-હમીરપુર, રાજસ્થાન | શ્વેત પાષાણના, પંચ ફણાધારી, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | વિ સં ૮૦૮ માં દેવડા હમીર રાજાએ વસાવેલ ગામ હમીરપુર - આજે તે મીરપુર નામે ઓળખાય છે, ત્રણે બાજુએ ડુંગરાઓથી રક્ષિત, આજે ગામમાં આવેલ ચાર જિનાલયોમાંથી ફક્ત બે જિનાલયોમાં પ્રતિમાજી છે. |
| ૬૫ | શ્રી પોસલી પાર્શ્વનાથ | ગામ-પોસલીયા, રાજસ્થાન | શ્યામ પાષાણના, નવ ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૧૮ ઈંચના પ્રતિમા | ૨૭૫ વર્ષ પ્રાચીન તીર્થ, ગામના નામ પરથી પડેલુ નામ |
| ૬૬ | શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ | ગામ-કાછોલી, રાજસ્થાન | મનોહર પરિકર સહિત, શ્વેત પાષાણના સપ્ત ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૨૯ ઈંચના પ્રતિમા | કચ્છના રાવે વસાવેલ કાછોલી ગામ, બારમી સદીનુ તીર્થ |
| ૬૭ | શ્રી દાદા પાર્શ્વનાથ | બેડા ગામ, રાજસ્થાન | શ્યામ પાષાણના નવ ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૨૬ ઈંચના પ્રતિમા | અગિયારમા સૈકાનુ પ્રાચીન પણ બહુ ઓછુ પ્રચલિત તીર્થ |
| ૬૮ | શ્રી લોદ્રવા પાર્શ્વનાથ | લોદ્રવપુર, રાજસ્થાન | કસોટીના શ્યામ પાષાણમાંથી કંડારેલ, સહસ્ર ફણાધારી, પદ્માસનસ્થ , ૩૦ ઈંચના પ્રતિમા | લોદ્રવવંશની (ડાયનેસ્ટી) રાજધાની લોદ્રવપુર, નાલંદાની માફક એક સમયનું વિશ્વ વિખ્યાત વિદ્યાલય, સ્વપ્ન સંકેતથી પાટણના કારીગારો પાસેથી અઢળક સોનું આપી મેળવેલ પ્રતિમાજી, સં ૧૬૭૫ માં જિર્ણોધ્ધાર |
| ૬૯ | શ્રી સેસલી પાર્શ્વનાથ | ગામ-સેસલી, રાજસ્થાન | કલાત્મક પરિકર, ફણાયુક્ત, શ્વેત પાષાણના, પદ્માસનસ્થ, ૨૩ ઈંચના પ્રતિમા | મીઠડી નદીના કિનારે વસેલ પ્રાચીન સમૃધ્ધ નગર, આજનુ જૈનોની વસ્તી વગરનું ગામ, સં ૧૧૮૭ માં માંડણ સંઘવીએ તીર્થ સ્થાપના કરેલ |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૭૦ | શ્રી રાણકપુર તીર્થ | રાણકપુર, રાજસ્થાન | કલાત્મક પરિકર, સપ્ત ફણાયુક્ત શ્યામ પાષાણના, પદ્માસનસ્થ, ૧૯ ઈંચના પ્રતિમા | કુંભારાણાના મંત્રી ધરણાશાહ રાણકપુર વસાવ્યુ, પંદરમી સદીમા ધરણવિહારની સામે બંધાવ્યું રાણકપુરા પાર્શ્વ જિનાલય |
| ૭૧ | શ્રી સોગઠીયા પાર્શ્વનાથ | ગામ નાડલાઈ, રાજસ્થાન | કલાત્મક પરિકરથી સજ્જિત, પાંચ ફણાયુક્ત, શ્વેત પાષાણના, પદ્માસનસ્થ ૨૭ ઈંચના પ્રતિમા | જેસલ પર્વતની તળેટીમા આવેલ આ તીર્થ દસમી સદીનુ પ્રાચીન છે, પ્રતિમાજી સંપ્રતિકાલીન છે, જમીનના ખોદકામ દરમ્યાન પ્રાપ્તિ. |
| ૭૨ | શ્રી વરકાણા પાર્શ્વનાથ | ગામ નાડલાઈ, રાજસ્થાન | કલાત્મક પરિકરમા ૨૩ તીર્થંકરોની મૂર્તિઓ, શ્વેત પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ ૧૩ ઈંચના પ્રતિમા | રાણકપુર અને દેલવાડા જેવી શિલ્પકળા, રાઈ પ્રતિક્રમણના સકલ તીર્થ વંદના સ્તોત્રમાં વરકાણા પાર્શ્વનાથની સ્તુતિ કરાયેલ છે,પંચતીર્થીનું એક તીર્થ ગણાય છે. |
| ૭૩ | શ્રી નવલખા પાર્શ્વનાથ | ગામ પાલી, રાજસ્થાન | કલાત્મક પરિકર, નવફણા યુક્ત, શ્વેત પાષાણના, પદ્માસનસ્થ ૩૩ ઈંચના પ્રતિમાજી | ૧૨મી-૧૩મી સદીનુ પ્રાચીન તીર્થ, લબ્ધિધર શ્રી યશોભદ્રસૂરિજીથી પ્રભાવિત થયેલ શ્રેષ્ટિએ ઘીની કિંમત નવલાખ ગણી મૂડી જિનાલય બંધાવવા દાનમાં આપી, બીજુ પ્રભુ પ્રતિમાના નવે અંગોમાં મંત્રાક્ષરો કંડારેલ છે, નામ પડયુ નવલખા |
| ૭૪ | શ્રી સ્વયંભુ પાર્શ્વનાથ | ગામ કાપરડા, રાજસ્થાન | નીલ વર્ણના, મરકટ પાષાણના, બેવડા સપ્તફણાયુક્ત, પગમાં નખ તથા હથેળીમાં રેખા ધરાવતા, પદ્માસનસ્થ ૨૧ ઈંચના પ્રતિમા | એક સમયનુ કાપડના વ્યાપારનુ સમૃધ્ધ કેંદ્ર (નામ કાપડહટ-કાપરડા), સ્વપ્ન સંકેતથી વાંસના જંગલમાંથી પ્રાપ્ત થયેલ પ્રતિમા, સં. ૧૬૭૮ માં ભાણજી ભંડારીએ બંધાવેલ ચાર માળનું ૯૫ ફૂટ ઊંચુ જિનાલય. |
| ૭૫ | શ્રી ફલવૃધ્ધિ પાર્શ્વનાથ (શ્રી ફલવર્ધિ) | મેડતા રોડ, રાજસ્થાન | શ્યામવર્ણ, વેળુના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ ૩૩ ઈંચના પ્રતિમા | દેવી સંકેતથી પારસ શ્રેષ્ટિએ ગુરુવર્યની નિશ્રામા જિનાલયના બાંધકામનુ કાર્ય શરુ કરાવેલ - પણ નબળી આર્થિક પરિસ્થિતીના કારણે આ મંગલકાર્ય થંભાવવાના દિવસો આવતાં - અધિષ્ટાયક દેવની કૃપાથી શ્રેષ્ટિનો ચૈત્યવંદનમાં કરાતો અક્ષતનો સ્વસ્તિક રોજ સૂવર્ણમય બની જતો, પુત્રના આગ્રહથી આ ગુપ્ત વાતનો વિસ્ફોટ થતાં પ્રક્રિયાનો અંત, શ્રી સંઘે સં. ૧૨૦૪ માં જિનાલયનું કાર્ય પુરુ કર્યું. |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૭૬ | શ્રી વિજયચિંતામણી પાર્શ્વનાથ | મેડતા સીટી, રાજસ્થાન | શ્વેત પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૧૯ ઈંચના પ્રતિમા | બારમા સૈકાનુ પ્રાચીન તીર્થ, મલેચ્છોના આક્રમણોનો અવારનવાર ભોગ બનેલ - મંદિર - મસ્જીદ જેવા ફેરફારો, મેડતા એટલે મહાયોગી આંદઘનજીની જન્મભૂમિ |
| ૭૭ | શ્રી મડોવરા પાર્શ્વનાથ | ગામ મુડાવા, રાજસ્થાન | શ્વેત પાષાણના, ફણા રહિત, પદ્માસનસ્થ, ૧૨ ઈંચના પ્રતિમા | ૩૦૦ વર્ષનુ પ્રાચીન તીર્થ, ગામના નામ પરથી પડેલ નામ, કેરડાના વૃક્ષની નીચેથી ખોદકામ દરમ્યાન પ્રાપ્ત થયેલ પ્રતિમા, અધિષ્ટાયક દેવની કૃપાથી જવના દાણા સોનાના થવા લાગ્યા, દેરાસરનું બાંધકામ પાર ઉતરી ગયું |
| ૭૮ | શ્રી કરેડા પાર્શ્વનાથ | ભોપાલનસાગર (જુનું કરેડા), રાજસ્થાન | શ્યામ પાષાણના, નવફણા યુક્ત, ૨૯ ઈંચના પ્રતિમા | વિ સ ૮૬૧ મા ખીમસિંહ શેઠ બંધાવેલ જિનાલય, કાળાંતરે ઘણા જિર્ણોધ્ધાર થયા, વર્તમાનમાં આસ્તિત્વ ધરાવતું જિનાલય સાત માળનું બાવન જિનાલયના તીર્થ તરીકે ઓળખાય છે. |
| ૭૯ | શ્રી વહી પાર્શ્વનાથ | મલ્હાર ગઢ, રાજસ્થાન | શ્યામ પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૩૩ ઈંચના પ્રતિમા | સંપ્રતિ રાજાએ નવમી સદીમાં નિર્માણ કરેલ જિનાલય, અજોડ શિલ્પ-કારીગરી વાળી રચના, બે વાઘ પ્રભુ પલાંઠીની નીચે - વાઘની પૂંછ પ્રતિમાના પાછળના ભાગમાં નાગની સાથે જોડાયેલ છે. |
| ૮૦ | શ્રી નવખંડા પાર્શ્વનાથ | ઘોઘા, ભાવનગર, ગુજરાત | મનોહર પરિકરથી સજ્જિત, શ્યામ પાષાણના નવફણા યુકત, પદ્માસનસ્થ, ૩૬ ઈંચના પ્રતિમા | ઘોઘાનુ પુરાણુ નામ ગુંડીગઢ, આજથી ૯૦૦ વર્ષ પૂર્વે (વિ સ ૧૧૬૮ માં) નણાવટી શ્રી હીરાભાઇ શેઠે આ પ્રતિમાજી ભરાવ્યા હતા. મલેચ્છોના આક્રમણોમાં આ પ્રતિમાજી ખંડિત થયેલ, દૈવી સાધના દ્વારા પ્રતિમાજીના ખંડિત ભાગોનું સંધાણ - પણ સાંધાની નિશાનીઓ રહી ગઈ. |
| ૮૧ | શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ | ઉન્હેલ ગામ, રાજસ્થાન | સપ્તફણા યુકત, મરકતમણિ માંથી ભરાવેલ, પ્રભુની કાયાના માપ સમાન ૧૪ ફૂટ ઉંચી, દેવનિર્મિત પ્રતિમાજી | ઘણી પ્રાચીન પ્રતિમા, પરિકરમા અષ્ટમંગલ, સાંપ્રતકાળે પ્રતિમાજી નીલવર્ણના પાષાણ રૂપે બિરાજમાન છે. પૂજારીઓથી થતી આશાતના નિવારવા આજથી ૪૫ વર્ષ પહેલાં કોર્ટના ચુકાદાના માધ્યમથી શ્રી સંઘે પ્રતિમાજી પ્રાપ્ત કરી છે. શ્રી અભયસાગર સૂરિજીની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ટા થયેલ. |
| ૮૨ | શ્રી નાકોડા પાર્શ્વનાથ | મેવાનગર, રાજસ્થાન | શ્યામ પાષાણના, સપ્તફણાધારી, પદ્માસનસ્થ, ૨૧ ઈંચના પ્રતિમા | પહેલાનુ વીરમપુર આજનુ મેવાનગર, બે ભાઇઓએ વસાવેલ બે ગામો - વીરમપુર અને નાકોરનગર, બદલાતા કાળની ચડતી પડતીની ઘટનાઓ, શ્રી સ્થૂલિભદ્રસૂરિજીના હસ્તે પ્રતિષ્ટા, પહેલા સૈકામાં રાજા વિક્રમાદિત્યે શ્રી સિધ્ધસેન દિવાકરજીના હસ્તે કરાવેલ પ્રતિષ્ટા, સંપ્રતિરાજા વડે કરાયેલ જિર્ણોધ્ધાર, આજથી લગભગ ૬૪૦ વર્ષ પૂર્વે નાકોરનગરમાં ભંડારાયેલ પ્રતિમાજીને મેવાનગરમાં પ્રતિષ્ઠિત કરાયા હતા. |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૮૩ | શ્રી અજાહરા પાર્શ્વનાથ | ગામ અજાહરા (અજાર ગામની બાજુમાં), સૌરાષ્ટ્ર | કેસર વર્ણો, સપ્તફણા યુક્ત, વેળુ નિર્મીત, પદ્માસનસ્થ, ૧૮ ઈંચના પ્રતિમા | સૌરાષ્ટ્રના શંખેશ્વર તરીકે જાણીતુ તીર્થ, લાખો વર્ષ પ્રાચીન પ્રતિમા અધિષ્ટાયક દેવના સંકેતથી રત્નસાગર શ્રેષ્ટિને સમુદ્રમાંથી પ્રાપ્ત થયેલ, કિંવદંતી પ્રમાણે રાજા અજયપાલનો શારિરીક રોગ પ્રભુ પ્રતિમાના નવ્હણ જળથી મટેલ, અજયનગરમાં સ્થાપેલ જિનાલયના નામથી ઓળખાયા અજાહરા પાર્શ્વનાથ |
| ૮૪ | શ્રી શેરીસા પાર્શ્વનાથ | ગામ શેરીસા, ગુજરાત | શ્યામ પાષાણના, સપ્તફણા ધારી, પદ્માસનસ્થ ૬૬ ઈંચના પ્રતિમા | બારમા સૈકામા પદ્માવતી દેવીની ઉગ્ર તપશ્ચર્યા-સાધનાના પ્રતાપે દેવી સંકેતથી અંધ શિલ્પી પાસે રચાવેલ (ભરાવેલ) પ્રતિમા, શેરીસા ગામમાં પ્રતિષ્ટિત કરાયેલ, ઘણા જિર્ણોધ્ધાર થયા, વર્તમાન જિનાલયની પ્રતિષ્ટા વિ સં ૨૦૦૨ માં (૬૮ વર્ષ પહેલા) આ.શ્રી નેમિસૂરિશ્વરજીના હસ્તે થયેલ. |
| ૮૫ | શ્રી સમેતશિખરજી પાર્શ્વનાથ | મધુવન, બિહાર (જિનાલય ૧૮ મી ટૂંકે, નિર્વાણ ટૂંક ૩૧ મી મેઘાડંબર ટૂંક) | શ્યામ પાષાણના નવફણા ધારી, પદ્માસનસ્થ, ૩૧ ઈંચના પ્રતિમા | આ ચોવિશીના ૨૦ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ, પ્રાચીન ઈતિહાસ ઉપલબ્ધ નથી, બીજા સૈકામાં આ.શ્રી પાદલિપ્તસૂરિજી અને નવમાં સૈકામાં આ.શ્રી બપ્પભટ્ટસૂરિજી આકાશગામિની વિદ્યાની લબ્ધિના પ્રતાપે આ તીર્થની યાત્રા કરતા હોવાનો ઉલ્લેખ મળે છે. |
| ૮૬ | શ્રી ભટેવા પાર્શ્વનાથ | ગામ ચાણસ્મા, ગુજરાત | ભૂખરા રંગના, વેળુ નિર્મિત, સપ્તફણાધારી, પદ્માસનસ્થ ૭ ઈંચના પ્રતિમા | પ્રતિમા પ્રાપ્તિના સ્થાન વિષે બે મતો છે (૧) ભાટુઆર ગામમા જમીનના ખોદકામ દરમ્યાન મળ્યા કે (૨) મારવાડમાં પાલી ગામ પાસેના ભટેવા ગામમાંથી લાવેલ પ્રતિમા |
| ૮૭ | શ્રી ઉવસગ્ગહર પાર્શ્વનાથ | નાગપુર, મધ્યપ્રદેશ | શ્યામ પાષાણના, સપ્તફણાધારી, પદ્માસનસ્થ (પલાંઠી નીચે નાગ), ૪૭ ઈંચના પ્રતિમા | પ્રભુ પાર્શ્વનાથના શિષ્ય કેશીસ્વામીથી પ્રતિબોધીત થયેલ પ્રદેશી રાજાએ ભરાવેલ આ પ્રતિમા, પ્રતિમા પ્રાપ્તિ ઘટના તથા અન્ય ચમત્કારિક કથાઓથી સંકળાયેલ તીર્થ. |
| ૮૮ | શ્રી અલૌકિક પાર્શ્વનાથ | ગામ હાસમપુરા, મધ્યપ્રદેશ | શ્યામ પાષાણના સપ્તફણા ધારી, પદ્માસનસ્થ, ૩૫ ઈંચના પ્રતિમા. પ્રતિમાની બંને ભુજાઓ પર કંડારેલ નાગની રચના. | નવમી - દશમી સદીનુ પ્રભાવશાળી તીર્થ |
| ૮૯ | શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ | ઘીઆ મંડી - મથુરા, ઉત્તર પ્રદેશ | શ્વેત પાષાણના, સપ્તફણા ધારી, પદ્માસનસ્થ, ૨૩ ઈંચના પ્રતિમા | કુબેરસેના ગણિકા એ કરાવેલ પ્રથમ જિનાલય, કાળાંતરે ભંડારી દીધેલ પ્રતિમા, જિર્ણોધ્ધારો, મથુરા એક સમયનું જૈનધર્મનું કેન્દ્ર સ્થાન, વીરપ્રભુની વિહારભૂમિ, અંતિમ કેવળી શ્રી જંબુસ્વામીની નિર્વાણભૂમિ. |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૯૦ | શ્રી કુકડેશ્વર પાર્શ્વનાથ | ગામ કુકડેશ્વર, મધ્ય પ્રદેશ | શ્યામ પાષાણના, નવફણા ધારી, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | વર્ષો પૂર્વે દત્ત શ્રાવક - મળ્યા શ્રી ગુણસાગર કેવળી મહાત્મા - પોતાનું ભાવિ પૂછ્યું -કેવળીના જ્ઞાનમાં..દત્ત તારો હવેનો ભવ કુકડાતરીકે તિર્યંચનો, પછીનો મનુષ્ય ભવ ઈશ્વર નામે રાજાનો..ત્યાં પ્રભુ પાર્શ્વનાથના દર્શનથી બોધીબીજની પ્રાપ્તિ થશે..કાળાંતરે આ પ્રમાણે બનતાં જાતિસ્મરણ જ્ઞાનના પ્રતાપે પ્રભુ દર્શનથી બોધીત ઈશ્વર રાજાએ ભરાવેલ આ પ્રતિમા તે છે કુકડેશ્વર તીર્થ..સમયના વહેણમાં ભુસાઇ ગયેલું આજનું જિનાલય-તીર્થ ૧૦૬૦ વર્ષ પ્રાચીન છે. |
| ૯૧ | શ્રી ભુવન પાર્શ્વનાથ | ભોયરાપાડો, ગામ ખંભાત, ગુજરાત | પરિકરથી સજ્જ, શ્યામ પાષાણના, સપ્તફણા ધારી, પદ્માસનસ્થ, ૨૭ ઈંચના પ્રતિમા | ૭૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી |
| ૯૨ | શ્રી રાવણ પાર્શ્વનાથ | ગામ અલવર, રાજસ્થાન | શ્વેત પાષાણના ૧૩ ઈંચના પ્રતિમાજી | પ્રાચીન જિનાલય અસ્તિત્વમા નથી, કહવાય છે કે આકાશગામિની વિદ્યાથી વિહરતાં રાજા રાવણની પ્રભુ ભક્તિ-પૂજાના નિયમને સીચવવા આ વેળુ નિર્મીત પ્રતિમા રાણી મંદોદરીએ ભરાવેલી, ૧૬ મી સદીમાં જિનાલય બનાવી પ્રતિષ્ટા થયેલ, છેલ્લી પુનઃ પ્રતિષ્ટા આ.શ્રી વિજય વલ્લભસૂરિજીના હસ્તે વિ.સં ૧૯૮૩ માં થયેલ. |
| ૯૩ | શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ | ગામ ઉન્હેલ (પ્રાચીન નામ તોરણ), મધ્ય પ્રદેશ | શ્યામ પાષાણના, સપ્તફણા ધારી, પદ્માસનસ્થ, ૨૫ ઈંચના પ્રતિમાજી ફણામાં એક બાજુ ધરણેન્દ્ર અને બીજી બાજુ પદ્માવતી દેવી કંડારેલ છે | ૨૦૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી |
| ૯૪ | શ્રી અવંતિ પાર્શ્વનાથ | ગામ ઉજ્જૈન, મધ્ય પ્રદેશ | શ્યામ પાષાણના, સપ્તફણા ધારી, પદ્માસનસ્થ, ૩૭ ઈંચના પ્રતિમાજી | ક્ષીપ્રા નદી કિનારે આવેલ ઉજ્જૈન ગામ, રાજપુત્ર અવંતિકુમારે પિતાની સ્મૃતિમાં સ્થાપેલ તીર્થ, કાળાંતરે શૈવ ધર્મીઓનું વર્ચસ્વ, પ્રતિમાજીને ઢાંકીને ઉપર બનાવ્યું શિવલિંગ, રાજા વિક્રમાદિત્યની હાજરીમાં આ.શ્રી સિધ્ધસેન દિવાકર સૂરિજીએ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી, શિવલિંગ ફાટતાં પ્રગટ થયેલ આ પ્રતિમાજી |
| ૯૫ | શ્રી સમીના પાર્શ્વનાથ | ગામ સમીના, રાજસ્થાન | શ્યામ પાષણના, નવફણા ધારી, પદ્માસનસ્થ, ૧૭ ઈંચના પ્રતિમાજી | મેવાડ દેશનુ પ્રાચીન તીર્થ |
| ૯૬ | શ્રી ચદા પાર્શ્વનાથ | ઉદયપુર, રાજસ્થાન | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૩૫ ઈંચના પ્રતિમાજી | આ જિનાલય..રાજા ઉદયસિંહ વસાવેલ...૪૦ જિનાલયોથી શોભતા ઉદયપુરમાં -પ્રાચીન તીર્થ |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૯૭ | શ્રી મક્ષી પાર્શ્વનાથ | ગામ મક્ષી (ઉજ્જૈન), મધ્ય પ્રદેશ | શ્યામ પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૩૫ ઈંચના પ્રતિમા | સાતમી સદીમા વઢીઆર દેશના સંગ્રામ સોનીએ ભરાવેલ ચમત્કારવાળી પ્રતિમા, કહેવાય છે કે આક્રમણ કરવાના ઈરાદાથી આવેલ મહમદ ગઝનીને પણ પાછા ફરવું પડેલ |
| ૯૮ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ | શીરપુર - આકોલા, મહારાષ્ટ્ર | શ્યામવર્ણા, ફણાધારી, વેળુ નિર્મીત, અર્ધપદ્માસનસ્થ, જમીનથી અધ્ધર રહેલા, ૩૬ ઈંચના પ્રતિમાજી | ગામનુ પ્રાચીન નામ શીરપુર, રાજા રાવણના બનેવી ખલદૂષણના સેવકો રચિત, વેળુ નિર્મીત પ્રતિમા, ઘણાં લાંબા સમય માટે ખોવાઇ ગયેલ, વિ.સં. ૧૧૪૨ માં પુનઃ પ્રાપ્તિ, વિ.સં. ૧૭૨૫ માં થયેલ પ્રતિષ્ઠા સમયે રથમાં લઇ જવાતા પ્રતિમા અધ્ધર થઇ જતાં રથ નીકળી ગયો, ત્યાં જ બંધાવેલ આજનું જિનાલય, કહેવાય છે કે એક કાળે શ્રીપાળ રાજાએ અહીં પ્રભુની આરતિ ઉતારેલ |
| ૯૯ | શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ | કુંભોજગીરી - કોલ્હાપુર, મહારાષ્ટ્ર | શ્વેત પાષાણના, નવફણા યુક્ત, પદ્માસનસ્થ, ૩૧ ઈંચના પ્રતિમાજી | ૧૦૦૦ ફૂટ ઉંચા પર્વત પરનુ તીર્થ, ગુજરાતમાંથી લાવેલ પ્રતિમાજી, વર્તમાન સમયનું જિનાલય ૧૩૫ વર્ષ પ્રાચીન છે |
| ૧૦૦ | શ્રી ગિરૂઆ પાર્શ્વનાથ | અમલનેર, મહારાષ્ટ્ર | શ્યામ પાષાણના, અગિયાર ફણાયુક્ત, પદ્માસનસ્થ, ૧૧ ઈંચના પ્રતિમાજી | પ્રતિમાજી ૫૦૦ વર્ષ પ્રાચીન, જિનાલયની પ્રાચીનતા ૧૪૦ વર્ષની |
| ૧૦૧ | શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ | ગામ નેર, મહારાષ્ટ્ર | શ્યામ પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૨૦ ઈંચના પ્રતિમાજી | ૫૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી |
| ૧૦૨ | શ્રી વિમલ પાર્શ્વનાથ | ગામ છાણી (વડોદરા પાસે) | શ્વેત પાષાણના, સપ્તફણા યુક્ત, પદ્માસનસ્થ, ૧૩ ઈંચના પ્રતિમાજી | ૧૭૨ વર્ષ પૂર્વે પ્રતિષ્ટિત પ્રતિમાજી |
| ૧૦૩ | શ્રી વિઘ્નહરા પાર્શ્વનાથ | રાંદેર - સુરત, ગુજરાત | શ્યામ પાષાણના, સહસ્રફણા ધારી, પદ્માસનસ્થ, ૪૧ ઈંચના પ્રતિમાજી | ૩૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી |
| ૧૦૪ | શ્રી મહાદેવા પાર્શ્વનાથ | ગામ ખેતરવાસી (પાટણ), ગુજરાત | શ્વેત પાષાણના, ફણારહિત, પદ્માસનસ્થ, ૨૩ ઈંચના પ્રતિમાજી | વધુ માહિતી મળી નથી |
| ૧૦૫ | શ્રી આનંદા પાર્શ્વનાથ | ગામ ઉંબરી, બનાસ કાંઠા, ગુજરાત | શ્વેત પાષાણના સપ્તફણા યુક્ત, પદ્માસનસથ, ૧૧ ઈંચના પ્રતિમાજી | ૧૬૧ વર્ષ પ્રાચીન જિનાલય |

| નંબર | પાર્શ્વનાથ ભગવાનના નામો | તીર્થના નામો અને તીર્થસ્થાનો | પ્રભુ પ્રતિમાની માહિતી | વધારાની માહિતી |
|---|---|---|---|---|
| ૧૦૬ | શ્રી ચારૂપ પાર્શ્વનાથ (શ્રી શામળા પાર્શ્વનાથ) | ચારૂપ (પાટણ), ગુજરાત | શ્યામ પાષાણના, સપ્તફણાથી આચ્છાદિત, પદ્માસનસ્થ, ૩૭ ઈંચના પ્રતિમાજી | નવમી સદીમા આ.શ્રી દેવચંદ્રસૂરિજીની નિશ્રામા સ્થાપિત તીર્થ, છેલ્લો જિર્ણોધ્ધાર ૨૫૦ વર્ષ પહેલા - પ્રતિમાના દિવસમાં બદલાતા ચાર રૂપ |
| ૧૦૭ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ | ભદ્રકાલી (નાસિક સીટી), મહારાષ્ટ્ર | નીલવર્ણી પાષાણના, સપ્તફણા મંડિત, પદ્માસનસ્થ, ૨૧ ઈંચના પ્રતિમાજી | લગભગ ૮૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાજી |
| ૧૦૮ | શ્રી ગોડીજી પાર્શ્વનાથ | પાયધુની, મુંબઈ | પીળાશ પડતા શ્વેત પાષાણના, પદ્માસનસ્થ, નવફણા ધારી પ્રતિમાજી | પાકિસ્તાનના થરપારકર રણના ગોડી ગામમાંથી મળેલ પ્રતિમા, મુંબઈના કોટ વિસ્તારમાં આવેલ જિનાલયમાં આગ લાગવાથી પ્રતિમાજી પાયધુનીના અત્યારના જિનાલયમાં પ્રતિષ્ઠિત કરાયા હતા, શ્રી મોતીશા શેઠે પ્રથમ ધ્વજારોહણ કરેલ |